# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

| www.aau.in | www.jau.in | www.nau.in | www.sdau.edu.in |
|---|---|---|---|

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના બી-ગૃપના ઓનલાઈન અભ્યાસક્રમોમાં કેન્દ્રિય પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત રાજ્યની આણંદ જુનાગઢ, નવસારી તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ સાથે) ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના બી-ગૃપના (Physics, Chemistry and Biology) વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઇચ્છુક ઉમેદવારો માટે વર્ષ : ૨૦૧૯-૨૦ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન પ્રવેશ અરજીપત્રક ભરવા માટે વેબસાઇટ www.gsauca.in, www.b.gsauca.in અને www.aau.in દ્વારા બેન્ક ચલણની પ્રિન્ટ તા.૦૪.૦૬.૨૦૧૯ થી તા.૨૦.૦૬.૨૦૧૯ દરમ્યાન મેળવી HDFC બેન્કની કોઈપણ શાખામાં કામકાજના સમય દરમ્યાન (બીજા અને ચોથા શનિવાર અને જાહેર રજાના દિવસ સિવાય) નીચે દર્શાવેલ પ્રોગ્રામ કેટેગરીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા પ્રોગ્રામ કેટેગરી પ્રમાણે અલગ-અલગ અરજી ફી પેટે (ચલણ) અથવા ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ/ઓનલાઈન નેટ બેંકિંગ દ્વારા અરજી ફી પેટે રૂ. ૨૦૦/- ભર્યા બાદ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે તેમજ પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઈન થશે

પ્રવેશ અંગેની સંપૂર્ણવિગતવાર માહિતી www.gsauca.in, www.b.gsauca.in અને www.aau.in ઉપરથી મેળવી શકાશે. સદર કાર્યક્રમની તારીખોમાં ફેરફારને અવકાશ હોઈ જે અંગેની અધ્યતન માહિતી ઉપરોક્ત વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે. હવે પછી પ્રવેશ કામગીરી અંગેની કોઈ પણ જાહેરાત આપવામાં આવશે નહીં જેની વાલી /વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી

| પ્રોગ્રામ કેટેગરી | 'B' ગ્રુપના સંલગ્ન અભ્યાસક્રમો * PCB (B-Group) | અરજી ફી ની રકમ (ચલણ) |
|---|---|---|
| ૧. | **Bachelor of Veterinary Science & Animal Husbandry** | રૂ.૨૦૦/- |
| ૨. | **B. Sc. (Hons.) Agriculture** | રૂ.૨૦૦/- |
| | **B. Sc. (Hons.) Horticulture** | |
| | **B. Sc. (Hons.) Forestry** | |
| | **B. Tech. (Biotechnology)** | |
| ૩. | **Bachelor of Fisheries Science** | રૂ.૨૦૦/- |

* PCB = Physics, Chemistry, Biology

**અગત્યની સૂચના**

(૧) સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે GUJCET આપેલ હોવી જરૂરી છે.

(૨) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા વેબસાઇટ www.b.gsauca.in પરથી વિનામુલ્યે ડાઉનલોડ કરી શકાશે અથવા માહિતી પુસ્તિકાની પ્રિન્ટ કોપી જે તે હેલ્પ સેન્ટર પર રૂ.૧૦૦/- ચૂકવીને મેળવી શકાં.

(3) બી. ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેકનોલોજી, આણંદ) ખાતેના અભ્યાસક્રમમાં 'એ' ગૃપ તથા 'બી' ગૃપના ઉમેદવારો પ્રવેશપાત્ર છે. જેથી આવા ઉમેદવારોએ 'એ' ગૃપના અભ્યાસક્રમમાં એડમીશન માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે 'એ' ગ્રુપની પ્રવેશ કામગીરી જુનાગઢ કૃષિ યુનિવર્સિટ, જુનાગઢને સોંપાયેલ છે.

(૪) નામ. હાઇકોર્ટ (SCA No.12064, 15065, 15072, 16369, 16587 of 2018,Date:30/10/2018) તથા નામ. સુપ્રિમ કોર્ટ (SLP No.31813/2018, Date:11/01/2019) ના ચુકાદાઓ અન્વયે, ગુજરાત રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા કૃષિ સંલગ્નઅભ્યાસક્રમોમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ,૨૦૦૪ ની કલમ નં.૪ (૪) મુજબ મંજૂરી લેવાની જોગવાઇ છે ઉકત ચુકાદાઓ મુજબ રાજય સરકાર અનેસબંધિત કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ સંલગ્ન અભ્યાસક્રમોને મંજુરી મળેલ ન હોય તેવી ખાનગી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા પહેલા ચકાસણી કરીને પુરતી કાળજી લેવા જણાવવામાં આવે છે.

(૫) ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરનારવિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે ફોર્મ વેરિફિકેશન કરાવ્યા બાદ ચોઈસ ફિલિંગ કરવી ફરજિયાત છે. અન્યથા મેરીટયાદીમાં નામનો સમાવેશ થશે નહીં જેની વિદ્યાર્થી/વાલીઓએ નોંધ લેવા વિનંતી.

તા.૦૨/૦૬/૨૦૧૯

**કુલપતિ અને નોડલ અધિકારી (બી-ગ્રુપ પ્રવેશ)**
**આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ**